# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જયદીપ વૈષ્ણવ

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૧૪-૦૭-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## કચ્છમાં વરસાદ :

અષાઢ માસ શરૂ થઇ ગયો છે ત્યારે કચ્છમાં અત્યાર સુધી મોસમનો 34.9 ટકા જેટલો વરસાદ નોંધાયો છે.અત્યાર સુધી મુન્દ્રામાં સૌથી વધુ 57 ટકા અને સૌથી ઓછો દયાપરમાં 13.54 ટકા વરસાદ વરસ્યો છે.ગત વર્ષે બિપરજોય વાવાઝોડાના કારણે જૂન માસના ત્રીજા સપ્તાહમાં જ 66 ટકા જેટલો વરસાદ વરસી ગયો હતો.ગત સાલ જુલાઇના મધ્યમાં ભચાઉમાં સૌથી વધુ 146 ટકા તો સૌથી ઓછો રાપરમાં 66 ટકા જેટલો વરસાદ વરસ્યો હતો.જ્યારે મોસમનો 112 ટકા વરસાદ જુલાઇના મધ્ય ભાગ સુધી નોંધાયો હતો.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## રેલ્વે કોચમાં વધારો :

ભારતીય રેલવેએ મુસાફરોની સુવિધા માટે,લાંબા અંતરની 46 વિવિધ મહત્વપૂર્ણ ટ્રેનોમાં સામાન્ય વર્ગના કોચની સંખ્યા વધારી છે.આ ટ્રેનોમાં 92 નવા સામાન્ય વર્ગના કોચ મૂકવામાં આવ્યા છે.

નવા કોચ ઉમેરવાની વ્યવસ્થા જે ટ્રેનોમાં કરાઇ છે જેમાં બાંદ્રા ટર્મિનસ ભુજ કચ્છ સુપરફાસ્ટ એક્સપ્રેસ,ભુજ દાદર સયાજી નગરી સુપરફાસ્ટ એક્સપ્રેસ સહિતની અન્ય ટ્રેનોનો સમાવેશ થાય છે.

**RNU અમદાવાદ**

---

## અંજારમાં વાહનો પર પ્રવેશબંધી :

અંજારમાં ભારે વાહનો માટે પ્રવેશબંધી જાહેર કરાઈ છે.શહેરમાં કામ ધંધા અને વ્યાપાર અર્થે માલ સામાન લઈને પ્રવેશ કરતા વાહનના ચાલકો ટ્રાફિક પોઇન્ટ ઉપર હાજર પોલીસ સ્ટાફને ઈ-વેબિલ/જીએસટી બિલ તથા જરૂરી બીલો બતાવશે તો તેવા વાહનોને શહેરમાં પ્રવેશ આપવામાં આવશે.તેવી સુચના અંજાર શહેર પીઆઈ દ્વારા આપવામાં આવી છે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## સ્મૃતિવનમાં પ્રદર્શન :

ભુજના સ્મૃતિવન ખાતે કારગિલ વિજય દિવસ રજત જયંતિ મહોત્સવ અંતર્ગત ભારતીય સેના દ્વારા શસ્ત્રો અને બેન્ડ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભૂકંપ સ્મારકના પાર્કિંગમા ટેન્ક અને રોકેટ લોન્ચર ગોઠવાયા હતા.લોકોએ શસ્ત્રોની કાર્યપ્રણાલી અને ઉપયોગની રોચક માહિતી સૈન્યના જવાનો અને અધિકારીઓ પાસે મેળવી હતી.ખાસ કરીને,ટેન્ક,રોકેટ લોન્ચર,એન્ટી ટેન્ક મિસાઈલ,ઓટોમેટિક ગ્રેનેડ લોન્ચર,રડાર સિસ્ટમ અને રાઇફલની વિવિધ ડિસ્પ્લે નિહાળી લોકો દેશભક્તિ સાથે રોમાંચિત થઇ ઉઠ્યા હતા.દ્વિદિવસીય પ્રદર્શન આજે સમાપ્ત થયું હતું.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## સિંચાઈ માટે પાણી :

સિંચાઈ માટે નર્મદાની કચ્છ બ્રાન્ચ કેનાલનું પાણી મોડકુબા સુધી પહોંચ્યું છે.ત્યારે ખેડૂતોએ જાગૃતિ કેળવી અને ઋતુ પ્રમાણેના પાક મેળવવા મહત્તમ પ્રયાસ કરવો જોઈએ તેમ સિંચાઇ વિભાગના કાર્યપાલક ઇજનેર હરેશ હિંગોરાણીએ જણાવ્યું હતું.ખેડૂતોએ તેમની બધી જ વિગતો ફોર્મમાં ભરીને કચેરીએ પહોંચાડવાની હોય છે.જેમાં પિયત માટેની જમીનનો વિસ્તાર,જરૂરી પાણી,રવિ સિઝન દરમિયાન લેવામાં આવતો પાક વગેરે વિગતો ભરીને કચેરીએ જમા કરાવાના રહે છે.દરેક ખેડુતો માંગણા પત્રકો અવશ્ય ભરે તેવો અનુરોધ તેમણે કર્યો હતો.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## હથિયારબંધી જાહેરનામું :

ચાલુ માસ દરમિયાન કચ્છમાં યોજાનારા ધાર્મિક તહેવારો,મેળાઓ, ઉત્સવોની ઉજવણી અંતર્ગત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે,કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મિતેશ પંડયા દ્વારા 27 જુલાઇ સુધી સુધી સમગ્ર જિલ્લામાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે.જાહેરનામાનો કોઇપણ ખંડનો ભંગ કરનારા કે,ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી 4 માસની અને વધુમાં વધુ 1 વર્ષની સજા થશે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## <u>કચ્છ કલા નૃત્ય મહોત્સવ :</u>

આગામી 28 જુલાઈના મુંબઈના વિલે પાર્લેમાં કચ્છ કલા નૃત્ય મહોત્સવ યોજાશે.કચ્છ કલા ગુર્જરી સંસ્થા દ્વારા આયોજિત આ મહોત્સવની પ્રસ્તુતિ ભુજના પૂર્વી લોક કલા કેન્દ્ર દ્વારા કરવામાં આવશે.કચ્છના રાષ્ટ્રીય સ્તરે વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા કલાકારો દ્વારા લોકનૃત્ય અને રાસગરબા પ્રસ્તુત કરવામાં આવશે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## <u>ક્રિકેટ :</u>

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે રમાઈ રહેલી પાંચ મેચની T-20 શ્રેણીની પાંચમી મેચ આજે હરારે સ્પોર્ટ્સ ક્લબમાં રમાઈ રહી છે.ઝિમ્બાબ્વેએ ટૉસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.ભારતે પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં ૬ વિકેટના ભોગે ૧૬૭ રન બનાવ્યા હતા.ભારતના સંજુ સેમસને ૪૫ બોલમાં ૫૮ રન બનાવ્યા હતા.

**NP-જયદીપ વૈષ્ણવ**

---